*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 102752

# 060(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 64 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નોની સામે લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**1)** મકાઈ ગંગા સફેદ - 2 માં નર તરીકે કઈ જાત પસંદ કરવામાં આવે છે ?

(A) સી.એમ. 400 (B) સી.એમ. 300

(C) સી.એમ. 600 (D) સ્વીટ કોન્ટ

**2)** 'ખપ પ્રમાણે વાપરો' એ વિચારને કઈ ખેતીમાં મહત્ત્વની બાબત ગણવામાં આવે છે ?

(A) સજીવ ખેતી (B) રાસાયણિક ખેતી

(C) સઘન ખેતી (D) પિયત ખેતી

**3)** ડેસીસ નામની વનસ્પતિના મૂળમાંથી કઈ વનસ્પતિક દવા મળે છે ?

(A) રોટેનોન (B) પાયરીથ્રમ

(C) લેનગાર્ડ (D) નિકોટીન

4) ચાવીને ખાનાર કિટકોના નાશ માટે કયા પ્રકારનું વિષ (ઝેર) વપરાય છે ?

(A) સ્પર્શ વિષ (B) જઠર વિષ

(C) ધૂમકર વિષ (D) ભૌતિક વિષ

5) છોડનાં પોષણ માટે કુલ કેટલા પોષકતત્ત્વોની જરૂરિયાત છે ?

(A) 4 (ચાર) (B) 16 (સોળ)

(C) 8 (આઠ) (D) 12 (બાર)

6) લીંબુમાં કયા વિટામીનનું પ્રમાણ વધારે છે ?

(A) વિટામીન 'બી' (B) વિટામીન 'ડી'

(C) વિટામીન 'સી' (D) વિટામીન 'ઈ'

7) કયા પ્રકારના રોગ પ્રેરક સજીવ - નિર્જીવ વચ્ચેની કડીરૂપ છે ?

(A) જીવાણું (B) કરમિયા

(C) ફૂગ (D) વાયરસ

8) ક્રિકેટબોલ એ કયા ફળઝાડની સુધારેલી જાત છે ?

(A) દાડમ (B) આમળા

(C) સફરજન (D) ચીકુ

9) આંબાના ફળઝાડ ઉપર કઈ પરોપજીવી વનસ્પતિ જોવા મળે છે ?

(A) અમરવેલ (B) વાંદો

(C) વાકુંબા (D) શતાવરી

10) કઈ ઔષધિય વનસ્પતિમાં ગુંદરનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે ?

(A) ગૂગળ (B) સોના મુખી

(C) અશ્વગંધા (D) મૂસળી

■ **નીચે આપેલા 11 થી 15 પ્રશ્નોના યોગ્ય જોડકા જોડો. દરેકનો 1 ગુણ.** **[5]**

| વિભાગ - (અ) | વિભાગ - (બ) |
|---|---|
| 11) બાજરી | (A) કુંવાર પાઠું |
| 12) પ્રવાહી દવા છાંટવાનો પંપ | (B) વશીબદામી |

13) આંબો

14) કેળ

15) ઔષધિય પાક

(C) પનામા

(D) કાંસિયા

(E) ડસ્ટર

(F) સ્પ્રેયર

■ **નીચે આપેલા 16 થી 20 પ્રશ્નો ખરા છે કે ખોટા તે લખો. દરેકનો 1 ગુણ છે.** **[5]**

16) ચીકુનું મૂળ વતન દક્ષિણ આફ્રિકા છે.

17) શરબત બનાવવા લીંબુનો રસ વપરાય છે.

18) ભૂકી સ્વરૂપે દવા છાંટવા માટે સ્પ્રેયર પંપ વપરાય છે.

19) ખેત તલાવડી ખેડૂતો માટે આશીર્વાદ રૂપ છે.

20) નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે.

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) માતૃ ખડક એટલે શું ?

22) સજીવ ખેતીનું વિશ્વ વિદ્યાલય કયું કહેવાય છે ?

23) અળસિયા ઉછેર પદ્ધતિને અંગ્રેજીમાં શું કહે છે ?

24) સીંગલ સુપર ફોસ્ફેટમાં કેટલા ટકા ફોસ્ફરસ હોય છે ?

25) ઉદ્વાહન સિંચાઈ એટલે શું ?

26) ટપક સિંચાઈ (ડ્રીપઈરીગેશન) એટલે શું ?

27) વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચિકિત્સા પદ્ધતિમાં કેટલી ઔષધિય વનસ્પતિઓની યાદી બનાવેલ છે ?

28) આંબોના વાવેતર કરતાં અગત્યના દેશોના નામ લખો.

29) ચીકુની સુધારેલી જાતો લખો.

30) કેળમાં આવતા બે કીટકોનાં નામ લખો.

## વિભાગ - C

■ **નીચેના આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[20]**

31) કોતર ધોવાણના પ્રકાર જણાવી. ગમે તે બે વિશે લખો.

32) પાક ફેરબદલી એટલે શું ?

33) બીજના પ્રકાર લખો.

34) મિશ્ર પાકની વ્યાખ્યા આપી. મિશ્ર પાકના ચાર ઉદાહરણ આપો.

35) વનસ્પતિમાં રોગ ફેલાવનાર રોગ વાહકોના ચાર નામ લખો.

36) પાવર ડસ્ટર વિશે લખો.

37) જળસિંચન એટલે શું ? તેના પ્રકાર લખો.

38) પિયતની બે મુખ્ય પદ્ધતિઓ લખો.

39) ફળ બગડવાના (કારકો) કારણો જણાવો.

40) જમીનને આરામ આપવાથી (વાસલ રાખવાથી) થતા ચાર ફાયદા લખો.

41) ફુવારા પિયત પદ્ધતિના ચાર લાભો લખો.

42) નેપસેક સ્પ્રેયર પંપ ખેડૂતોમાં ખૂબ પ્રચલિત છે ?

43) કૂવામાં કયા બે પ્રકારની દિવાલ બનાવવામાં આવે છે ?

44) ફળ સાચવવાની બે રીતો જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 45 થી 58 પ્રશ્નો કુલ 14 આપેલ છે. તેમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

**45)** જમીનની ફળદ્રુપતાને અસર કરતાં પરિબળો જણાવો.

**46)** સારા બીજના લક્ષણો જણાવી, ત્રણ વિશે સમજાવો.

**47)** વર્મી કમ્પોસ્ટ બનાવવાની મર્યાદાઓ જણાવો.

**48)** સૂકી ખેતીના સિદ્ધાંતો જણાવો.

**49)** કીટકની વ્યાખ્યા આપી, તેના પ્રકાર જણાવો.

**50)** વનસ્પતિ રોગ ફેલાવનાર પરિબળો જણાવી કોઈપણ ત્રણ વિશે સમજાવો.

**51)** પાક સંરક્ષણના સાધનોનો ઉપયોગ કરતાં પહેલા લેવાતી કાળજીઓ જણાવો.

**52)** કેળાની કોઈ પણ ત્રણ સુધારેલી જાતો વિશે લખો.

**53)** લીંબુમાં આવતા ત્રણ કીટકો અને રોગોના નામ લખો.

**54)** બોરડીને ભારે છાટણી કરવામાં આવે છે, કારણ આપો.

**55)** લીલા પડવાશના ફાયદા લખો.

**56)** બીજ સંશોધનના મુદ્દાઓ ટૂંકમાં સમજાવો.

**57)** જમીનની ફળદ્રુપતા જાણવાની રીતો લખો.

**58)** ખેતીમાં મદદરૂપ ઉપકારક (ખેડૂતના મિત્ર કીટકો) જણાવી ત્રણ વિશે ટૂંકમા લખો.

## વિભાગ - E

■ **નીચેના 59 થી 64 માં કુલ 6 પ્રશ્નોમાંથી કોઈ પણ 4 પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[20]**

59) જમીન ધોવાણના કારણો જણાવી, પાંચ કારણો વિશે ટૂંકમાં સમજાવો.

60) ફળ પરિક્ષણ એટલે શું ? તેના લાભો જણાવો.

61) 3 (ત્રણ) હેક્ટર બાજરીના પાકને હેક્ટર દીઠ 90 કિલો નાઈટ્રોજન તથા 80 કિલો ફોસ્ફરસ તત્વ આપવા માટે બજારમાંથી યુરિયા અને સિંગલ સુપર ફોસ્ફેટ કેટલા ખરીદવા પડશે ?

62) પપૈયામાંથી લેટેક્ષ મેળવવાની રીત સમજાવો.

63) જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવી ગમે તે પાંચ વિશે ટૂંકમાં સમજાવો.

64) ફળની વાનગીઓ જણાવી કોઈપણ એક વિશે લખો.

◆◆◆